**શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.**
મુ.પો. સાયણ, તા. ઓલપાડ, જી. સુરત – ૩૯૪૧૩૦.
ફોન : (૦૨૬૨૧) ૨૪૨૧૪૯, ૨૪૨૨૭૮
મો. નં. : ૯૯૭૮૨ ૪૨૧૪૯, ફેક્ષ નં. (૦૨૬૨૧) ૨૪૨૧૪૮
GST No. : 24AAAAS4058F1ZQ

**Shree Sayan Vibhag Sahakari Khand Udyog Mandli Ltd.**
At.Po. Sayan, Ta. Olpad, Di. Surat - 394130
Ph. No. (02621) 242149, 242278
Mo. No. : 99782 42149, Fax No. (02621) 242148
E-mail : sayansugar@gmail.com

**જા.નં. સાયણ/એડીએમ/એમ.ડી/૨૦૨૪/૪૧૮** **તા. ૦૪/૦૫/૨૦૨૪.**

**પ્રતિ,**
**શ્રી :** ______________________ **(ગ્રામ પ્રતિનિધીશ્રી)**
**મુ.પો :** ______________
**તાલુકો :** ____________
**જીલ્લો : સુ ર ત.**

**વિષય : વાવેતર ટ્રાન્સફર, લીલા પડવાશ સબસીડી તેમજ ટનદીઠ ઈન્સેન્ટીવમાં વધારો આપવા બાબત.**

મ હા શ ય,

સવિનય ઉપરોકત વિષયમાં આપના ગામના તમામ સભાસદશ્રીઓને જાણ કરશો કે, સંસ્થા ધ્વારા રોપાણ સિઝન ૨૦૨૪–૨૦૨૫ માટે નીચે જણાવ્યા મુજબ નીતિ નકકી કરવામાં આવેલ છે.

:૧: જે–તે સભાસદોને શેર દીઠ ૨.૦૦ એકર મુજબની ફાળવણી કરવામાં આવેલ છે અને સદર વાવેતર તારીખ. ૦૧/૦૬/૨૦૨૪ થી તારીખ. ૩૧/૦૭/૨૦૨૪ સુધી **'જનરલ ટ્રાન્સફર'** કરી શકાશે.

:૨: જે સભાસદો રોપાણ સીઝન ૨૦૨૪–૨૦૨૫ માં જે સર્વે નંબરમાં નવુ રોપાણ કરનાર હોય અને જમીન પડતર (વાસેલ) રાખેલ હશે અને તેમાં જમીન સુધારણાના ભાગ રૂપે લીલા પડવાશના પાક તરીકે ફકત ઈકકડ અથવા શણ નું વાવેતર કરશો તો સંસ્થા મારફત એકરદીઠ રૂા. ૧,૦૦૦/– મુજબ સબસીડી આપવામાં આવશે.,પરંતુ આ લીલા પડવાશના વાવેતર કર્યાની જાણ સંસ્થામાં ફરજીયાત કરવાની રહેશે, **તેમજ લીલા પડવાશ કર્યા બાદ સદર સર્વે નંબરમાં સંસ્થાનું જ શેરડી વાવેતર ફરજીયાત કરવાનું રહેશે.** આ લીલા પડવાશના વાવેતરનું ખેતી વિભાગ મારફત ચકાસણી કરવામાં આવશે તે દરમ્યાન વાવેતર મંજુરી કાર્ડ અવશ્ય રજુ કરવાનો રહેશે.

:૩: **જે સભાસદની સંસ્થામાં નોંધાયેલ શેરડીનો અન્ય જગ્યાએ નિકાલ કરશે અને શેરડી પિલાણમાં નહિં આપશે તો તે સભાસદને એકરદીઠ રૂા. ૧૦,૦૦૦/– (દશ હજાર ) મુજબ દંડ કરવામાં આવશે તેમજ** સંસ્થામાં નોંધાયેલ વિસ્તાર કરતા ઓછા વિસ્તારની શેરડી પિલાણમાં આવશે તો **નહિં થયેલ કાપણી વિસ્તારનો બહાર નિકાલ તરીકે ગણી તે વિસ્તાર નો દંડ કરવામાં આવશે અને સદર સભાસદને ૩ વર્ષ સુધી મળવાપાત્ર ખાંડ આપવામાં આવશે નહિં.**

:૪: સંસ્થાના ઝોન સુપરવાઈઝર મારફત ચાલુ વર્ષનો રોપાણ/લામનો ઉભા પાકનો તા. ૦૬/૦૫/૨૦૨૪ ના રોજથી સર્વે કરવામાં આવનાર છે જેની સાચી વિગતની ચોકસાઈ કરાવી પત્રકમાં સભાસદે સહી કરી આપવાની રહેશે. સદર સર્વે દરમ્યાન જે–તે સર્વે નંબરમાં **શેરડીનો પાક ઉભો હશે અને સભાસદ આ પાક રદ કરવા માંગતા હશે તો સંસ્થાના દફતરેથી રદ કરવામાં આવશે નહિં.** ચકાસણી બાદ જો આકસ્મિક કારણસર શેરડી કાઢી નાંખવી પડે એમ હોય તો સંસ્થાની પૂર્વ મંજુરી લઈ રેકર્ડ ઉપર રદ કરાવી લેવી.

:૫: **આવનાર શેરડી પિલાણ સીઝન ૨૦૨૪–૨૦૨૫ માં જે સભાસદોની શેરડી પિલાણમાં આવશે તેમને નીચે જણાવ્યા મુજબનો માસવાર ભાવ વધારો આપવામાં આવશે.**

| અ.નં. | માસ. | ૨૦૨૩–૨૦૨૪ સુધીની ટનદીઠ ઈન્સેન્ટીવની રકમ રૂપિયા. | **પિલાણ સીઝન ૨૦૨૪–૨૦૨૫ થી ટનદીઠ ઈન્સેન્ટીવની રકમ રૂપિયા.** |
|---|---|---|---|
| :૧: | ફેબ્રુઆરી | ૧૦૦/– | **૧૨૫/–** |
| :૨: | માર્ચ | ૧૫૦/– | **૧૭૫/–** |
| :૩: | એપ્રિલ | ૨૦૦/– | **૨૨૫/–** |
| :૪: | મે | ૨૫૦/– | **૨૭૫/–** |

આભાર સહ,

આપનો વિશ્વાસુ

મેનેજીંગ ડિરેક્ટર.

AGRINEW-1/89 દિપક: